| GJBK090008202023 | દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૩ | | |
|---|---|---|---|---|
| | રજુ તારીખ | ૨૫/૦૫/૨૦૨૩ | | |
| | ફેસલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૫ | ૦૯ | ૦૨ |

**ધાનેરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી હરપ્રિત સીંઘ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ધાનેરા**

આંક :-

ફરીયાદી :- શ્રી સરકાર,

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ :- (૧) વસરામભાઈ ચુનાભાઈ ગલચર,
(૨) રત્નાભાઈ ચુનાભાઈ ગલચર,
બન્ને રહે. જવાહરચોક ધાનેરા, તા. ધાનેરા, જીલ્લો-બનાસકાંઠા.

ગુન્હો :- ઈ.પી.કોડની કલમ-૩૨૩,૨૯૪(ખ),૩૩૭,૫૦૬(૨) મુજબ
-----------------------------------------

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એમ.એમ. સોલંકી,**

**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી કે.પી.ખંડેલવાલ,**

-----------------------------------------

**<u>// જજમેન્ટ //</u>**

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના કાકા અમરતભાઈ આયદાનભાઈ ભેટોરના ઘરે જઈ ગાડવના વકરાના પૈસા આપવા બાબતે ઝગડો કરી ભુંડી ગાળો બોલી મારકુટ કરતા હોય ફરીયાદી તથા તેઓના ભાઈઓ તહોમતદારોને સમજાવવા સારુ જતા ફરીયાદી તથા સાહેદોને ભુંડી ગાળો બોલી ફરીયાદીના કપાળના ભાગે છુટ્ટો પથ્થર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબાજાની મદદગારી કરી ઈ.પી.કોડની કલમ- ૩૨૩,૨૯૪(ખ),૩૩૭,૫૦૬(૨) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ ક્રી.પ્રો.કોડની કલમ–૨૩૦ મુજબ આરોપીને તપાસના તમામ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાનું આંક–૨ થી તહોમતનામું ફરમાવી,આરોપીઓની આંક–૩ અને ૪ થી પ્લી નોંધવામાં આવેલી જેમાં આરોપીઓએ તેઓ ની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૫ | ફરીયાદી કિરણભાઈ શંકરભાઈ ભેટોરની જુબાની, |
| ૨. | ૧૬ | ફરીયાદ |
| ૩. | ૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

આ કામે આંક.૧૮ થી ફરીયાદપક્ષ દ્વારા પુરાવા બંધ કરવાની પુરસીસ રજુ થયેલ અને ત્યારબાદ આરોપી સામે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને ત્યારબાદ બન્ને પક્ષે દલીલ સાંભળી.

(૪) ઉપરોકત વિગતે મારી સમક્ષ નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના કાકા અમરતભાઈ આયદાનભાઈ ભેટોરના ઘરે જઈ ગાડવના વકરાના પૈસા આપવા બાબતે ઝગડો કરી ભુંડી ગાળો બોલી મારકુટ કરતા હોય ફરીયાદી તથા તેઓના ભાઈઓ તહોમતદારોને સમજાવવા સારુ જતા ફરીયાદી તથા સાહેદોને ભુંડી ગાળો બોલી ફરીયાદીના કપાળના ભાગે છુટ્ટો પથ્થર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબાજાની મદદગારી કરી ઈ.પી.કોડની કલમ– ૩૨૩,૨૯૪(ખ),૩૩૭,૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ,

(૬) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં. ૧.</u>**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવા નો બોજો આરોપી ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય.તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય.હાલના કામે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ- ૩૨૩,૨૯૪(ખ),૩૩૭,૫૦૬(૨) મુજબનો ગુનાનો આક્ષેપ હોય. સદર હું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ ભારતીય સાક્ષ્ય અધિનિયમ - ૧૦૨ મુજબ તેમણે સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ આંક-૧૫ થી ફરીયાદી કિરણભાઈ શંકરભાઈ ભેટોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, બનાવ સને ૨૦૨૧માં બનેલો બનાવના દિવસે રાત્રીના દશ વાગે તેઓ વાળુ પાણી કરીને ઘરે બેઠેલા હતા ત્યારે તેમના કાકા અમરતે તેમના ભાઈ વસંતને ફોન કરીને કહેલ કે હુ બજાર ગયેલ છુ અને મારા ઘરે વશરામભાઈ તથા રત્નાભાઈ આવી ને કહે છે કે, તેઓની ગાડી ચાલે છે તેના ભાડાના પૈસા આવેલ છે તે આપો તેમ કહીને બોલા ચાલી કરવા લાગેલ જેથી અમને ઘરે આવવાનુ કહેલ જેથી તેઓ તથા વસંત તથા

દીલીપ તેઓના કાકાના ઘરે ગયેલ અને ત્યા જઈને જોયેલ તો વશરામભાઈ અને રત્નાભાઈ બોલાચાલી કરતા હતા તે વખતે ધક્કા મુકી થતા પડી જવાથી તેમને કપાળના ભાગે નાની મોટી ઈજા થયેલી. વધુ કઈ બનેલ નહી તે ગુના સબબની ફરીયાદ આપેલ. જે ફરીયાદ આ કામે આંક– ૧૬ થી રજુ છે. સદર સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ તેમજ બનાવની હકીકતને સમર્થનકર્તા ન હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે બનાવમાં બોલાચાલી થયેલી તે સિવાય કશુ બનેલ નથી.તેઓ કબુલ રાખેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ઈજા કરેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી.

(૦૯) આ કામે મુળ ફરીયાદીએ જ આંક–૧૮ થી વધુ સાહેદો તપાસવા નથી અને વધુ પુરાવા આપવા નથી તેવી પુરશીશ આપતા આ કામે ઉપરોક્ત ફરીયાદી તથા સાહેદો સિવાય અન્ય કોઈ સાહદોને તપાસવામાં આવેલ નથી.

(૧૦) આ કામે રજુ કરવામાં આવેલ રેકર્ડ તથા આ કામે રજુ થયેલ ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવા બાબતેની હાલની ફરીયાદ આરોપીઓ સામે ફરીયાદીએ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આ કામના ખુદ ફરીયાદી બનાવની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.ઉપરોકત ફરીયાદી તેમની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ઈજા કરેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી. આમ,ખુદ ફરીયાદી ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ કે બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.આ સિવાય આરોપીઓ તરફે આ કામે રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નહી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદ એ બનાવની હકીકત કે ફરીયાદની હકીકત બાબતે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી ત્યારે આ કામે રજુ થયેલ ઉપરોકત ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર માની શકાય નહી.આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો જોતાં આરોપીઓએ ઈજા પામનારને માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકીકત શંકાથી પર સાબિત

થતી ન હોય, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય,મુદ્દા નં.૧નો જવાબ "નકાર'' માં આપી,મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

(૧) આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ઇ.પી.કોડની કલમ– ૩૨૩,૨૯૪(ખ),૩૩૭,૫૦૬(૨) મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ અાપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપી તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા બી.એન.એસ.એસ –૪૮૧ (૧) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/–પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ધાનેરા
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(હરપ્રિત સિંધ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધાનેરા
(કોડ નં. જી.જે.૦૧૪૨૭)